GJSR010106412022

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : ૨૫.૦૮.૨૦૨૨ | | | |
| દાખલ તારીખ | : ૨૫.૦૮.૨૦૨૨ | | | |
| ફેંસલ તારીખ | : ૧૦.૦૪.૨૦૨૬ | | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૩ | ૭ | ૧૬ |

**આંક –**

**ફોર્મ–'એ'**

## સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, મુ.સુરત

[ચૂકાદા તારીખઃ ૧૦.૦૪.૨૦૨૬]

## સેશન્સ કેસ નં.૬૩૧/૨૦૨૨

(અમરોલી પોલીસ સ્ટેશન પાર્ટ–'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૦૪૨૨૦૯૯૩/૨૦૨૨)

**ફરિયાદીઃ** **શ્રી સરકાર.**

**ફરિયાદ પક્ષ તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યૂટર શ્રી આર.પી. ડોબરીયા**

વિરુદ્ધ

**આરોપીઃ** **રાહીલશા ફીરોઝશા ફકીર,**
ઉં.૨૦ વર્ષ, ધંધોઃ કેટરીંગ,
રહેવાસીઃ બાપુનગર ઝૂંપડપટ્ટી, શીતલ ચાર રસ્તા પાસે, રાંદેર, સુરત, મૂળ રહે. દોંગરીયા, તા.શીંદખેડા, જિ.ધુલીયા (મહારાષ્ટ્ર);

**આરોપી તરફે વિ.વકીલશ્રી આર.ડી.ગાંધી**

## ફોર્મ–'બી'

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૫.૦૪.૨૦૨૨ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૫.૦૪.૨૦૨૨ |
| ચાર્જશીટ તારીખ | ૨૭.૦૪.૨૦૨૨ |
| તહોમતનામું ઘડ્યા તારીખ | ૨૭.૧૨.૨૦૨૩ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૨૦.૦૮.૨૦૨૪ |
| ચૂકાદા પર રાખ્યા તારીખ | ૧૦.૦૪.૨૦૨૬ |
| ચૂકાદા તારીખ | ૧૦.૦૪.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | –– |

## આરોપીની વિગતો

| આરોપી ક્રમાંક | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર મુક્ત કર્યા તારીખ | આક્ષેપિત ગુના | છોડી મૂકેલ છે કે સજા કરેલ છે | કરવામાં આવેલ સજા | ફો.કા.સં. ની કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો વર્ષ–માસ–દિ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **રાહીલશા ફીરોઝશા ફકીર** | ૦૬.૦૪.૨૦૨૨ | ૧૫.૦૪.૨૦૨૨ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ (એ)(૩) મુજબનો. | છોડી મૂકેલ છે. | –– | –– |

## ફોર્મ–'સી'

**એ. ફરિયાદ પક્ષ તરફેના શાહેદોનું લીસ્ટઃ–**

| શાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| | | **મુખ્ય શાહેદો** | |
| ૧ | ૧૧ | સંદિપભાઈ શ્યામપ્યારે યાદવ | ફરિયાદી |

| શાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૪ | ૧૮ | દાનબહાદુર સુંદર યાદવ | નજરે જોનાર શાહેદ [**વિમુખ**] |
| ૫ | ૧૯ | શનિ શિવાજી સહાની | નજરે જોનાર શાહેદ [**વિમુખ**] |
| | | **પંચ શાહેદો** | |
| ૨ | ૧૫ | વીકી ગીરીશભાઈ સોલંકી | ગુનાવાળી જગ્યાના પંચનામા (**આંક-૧૬**) ના પંચો [**વિમુખ**] |
| ૩ | ૧૭ | અબ્બાસ ઉસ્માન શેખ | |
| ૭ | ૨૧ | દિપક સુરેશભાઈ ગવાણે | મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા (**આંક-૭**) ના પંચ [**વિમુખ**] |
| | | **પોલીસ શાહેદો** | |
| ૬ | ૨૦ | ઘનશ્યામભાઈ દાદુભાઈ ગઢવી | પી.એસ.ઓ. |
| ૮ | ૨૩ | દિપક મનોહરભાઈ દેવરે | તપાસ કરનાર અધિકારી |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ શાહેદો તપાસવામાં આવેલ નથી.

## એ. ફરિયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટઃ-

| અનુ. નં. | આંક/ શાહેદ નં. | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨/૧ | ફરિયાદ |
| ૨ | ૧૬/૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૨૨/૭ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું |
| ૪ | ૨૫/૬ | તપાસ સંભાળવા માટેની યાદી |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ નથી.

**ગુનોઃ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩) મુજબનો.**

## ચૂ કા દો

(૧) આ કામના ઉપરોક્ત આરોપી વિરુદ્ધ અત્રેની કોર્ટે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩)** મુજબના ગુના સબબ **આંક–૭** થી તહોમતનામું ફરમાવેલ છે.

(૨) ફરિયાદ પક્ષના **કેસની ટૂંકમાં હકીકત** એવી છે કે,

**/એ/** તારીખઃ ૦૫.૦૪.૨૦૨૨ ના રોજ ૨૦:૦૦ કલાકથી ૨૦:૧૫ કલાક દરમ્યાન, સુરત શહેર, અમરોલી આવાસ એચ–૧, ગેઈટ નં.૩ પાસે, જાહેર રોડ પર ફરિયાદી સંદિપ શ્યામપ્યારે યાદવ શાકભાજી લેતા હતા, તે દરમ્યાન આરોપીએ ફરિયાદી પાસે આવી, તેમના શર્ટના ખિસ્સામાંથી તેમનો Vivo કંપનીનો Y93 મોડલનો ₹૫,૦૦૦/– ની કિંમતનો મોબાઈલ ફોન અપ્રમાણિકપણે ફરિયાદીની સંમતિ વગર ઝૂંટવી લઈ નાસી જઈ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

ફરિયાદીએ તેમનો ઉપરોક્ત મોબાઈલ ફોન ઝૂંટવી નાસી ગયેલ હોવાના આક્ષેપસહ તારીખઃ ૦૫.૦૪.૨૦૨૨ ના રોજ સુરત શહેર અમરોલી પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. રૂબરૂ આ કામના આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવેલ.

**ફરિયાદ બાદની તપાસનો ટૂંક સારઃ**

**/બી/** ફરિયાદીએ તારીખઃ ૦૫.૦૪.૨૦૨૨ ના રોજ સુરત શહેર અમરોલી પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. રૂબરૂ ફરિયાદ હકીકત જાહેર

કર્યા બાદ પી.એસ.ઓ. ઘનશ્યામભાઈ દાદુભાઈ ગઢવી **(શાહેદ નં.૬, આંક–૨૦)** એ હાલનો ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. દિપક મનોહરભાઈ દેવરે **(શાહેદ નં.૮, આંક–૨૩)** ને સોંપેલ; જેમણે બે પંચોની હાજરીમાં **આંક–૧૬** નું ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ; આરોપી સ્થળ પરથી પકડાઈ ગયેલ હોઈ, તેની પાસેથી મુદ્દામાલ કબજે કર્યા અંગે **આંક–૨૨** નું પંચનામું કરવામાં આવેલ; તેમણે લાગતા–વળગતા શાહેદોના નિવેદનો નોંધેલ; તપાસના અંતે આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતાં, આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩) મુજબના ગુનાનું ચાર્જશીટ સુરતના વિ.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસશ્રીની થર્ડ કોર્ટમાં દાખલ કરતાં તે **ફોજદારી મુકદ્દમા નં.૨૪૨૫૭/૨૦૨૨** થી રજિસ્ટરે લેવામાં આવેલ.

**કમિટલ કાર્યવાહીઃ**

**/સી/** આરોપી વિરુદ્ધ સુરતના વિ.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસશ્રીની થર્ડ કોર્ટમાં ચાર્જશીટ રજૂ થતાં તે ફોજદારી મુકદ્દમા નં.૨૪૨૫૭/૨૦૨૨ થી રજિસ્ટરે લીધા બાદ આરોપી વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ ઉપસ્થિત થતાં, આરોપીને તેમના વિરુદ્ધના કેસ કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલ. આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફક્ત સત્ર ન્યાયાલયને હોઈ, સુરતના વિ.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસશ્રીએ આરોપી સામેનો સદર કેસ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે તારીખઃ ૨૪.૦૮.૨૦૨૨ ના રોજ સેશન્સ કમિટ કરતાં, તે અત્રેની અદાલતમાં **સેશન્સ કેસ નં.૬૩૧/૨૦૨૨** માં તબદિલ થયેલ અને ત્યાર બાદ સદર કેસ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર કરવામાં આવેલ.

**કેસની પ્રાથમિક કાર્યવાહીઃ**

(૩) આ કેસમાં અત્રેની કોર્ટ દ્વારા **આંક–૭** થી આરોપી વિરુદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩)** મુજબના ગુના સબબ **તહોમતનામું** ફરમાવવામાં આવેલ. જે તહોમતનામું આરોપીને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવેલ અને તે અન્વયે આરોપીની આંક–૮ થી પ્લી એટલે કે નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીએ પોતાને ગુનો કબૂલ નથી અને કેસ ગુણદોષ પર આગળ ચલાવવા માંગે છે, તેવી ઈચ્છા વ્યક્ત કરતા ફરિયાદ પક્ષને આરોપી વિરુદ્ધનું તહોમતનામું પુરવાર કરવાની તક આપવામાં આવેલ.

**પુરાવો નોંધવાની કાર્યવાહીઃ**

(૪) આરોપી વિરુદ્ધ આંક–૭ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે ઉપરોક્ત **ફોર્મ–'સી'** માં જણાવ્યા મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**આરોપીનું વિશેષ નિવેદનઃ**

(૫) ત્યાર બાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ આંક–૨૬ થી ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, આરોપીને તેમના વિરુદ્ધ રજૂ થયેલા પુરાવા અંગે ખુલાસો કરવાની પૂરતી તક મળી રહે, તે હેતુથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે; જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના તમામ પુરાવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેમણે કહેવાતો કોઈ ગુનો કરેલ નથી; તેમની સામે ખોટો ગુનો નોંધી, તેમને ખોટી રીતે ફસાવવામાં આવી રહેલ છે. આરોપીએ જાતે સોગંદ પર જુબાની આપેલ નથી કે પોતાના બચાવમાં કોઈ શાહેદ તપાસેલ નથી.

**(૬)** ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા ઉપરોક્ત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. પુરાવાના અંતે **ફરિયાદ પક્ષ** તરફે **વિ.એ.પી.પી.શ્રી આર.પી.ડોબરીયા**ની તેમજ **આરોપી** તરફે **વિ.વકીલશ્રી આર.ડી.ગાંધી**ની સવિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

## ફરિયાદ પક્ષ તરફે કરવામાં આવેલ દલીલ/રજૂઆતો

**(૭)** ફરિયાદ પક્ષ તરફે **વિ.એ.પી.પી.શ્રી આર.પી.ડોબરીયા**એ એવી રજૂઆત કરેલ છે કે, આરોપી વિરુદ્ધ ફરિયાદીનો મોબાઈલ ફોન ઝૂંટવી લઈ નાસી જવાના આક્ષેપ છે. આ આક્ષેપ પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા કુલ આઠ શાહેદોનો મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ છે અને સંલગ્ન દસ્તાવેજી પુરાવાઓ પણ રજૂ કરવામાં આવેલ છે. ફરિયાદી સંદિપભાઈ શ્યામપ્યારે યાદવ (શાહેદ નં.૧) ના મૌખિક પુરાવા પરથી બનાવ સમયે તેઓ શાકભાજી ખરીદ કરતા હતા, ત્યારે એક ચોર ઈસમ તેમનો મોબાઈલ ફોન ખેંચીને ભાગી ગયેલ અને આ ચોર ઈસમ એ આ કામના આરોપી હોવાનું જણાવી તેમણે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. ફરિયાદીએ સદર ગુના સંબંધે આપેલ આંક-૧૨ ની ફરિયાદમાં પણ આરોપીના નામનો સ્પષ્ટ ઉલ્લેખ કેરલ છે. આમ, ફરિયાદીની આંક-૧૨ ની ફરિયાદ અને આંક-૧૧ ના મૌખિક પુરાવા પરથી આરોપી ફરિયાદીનો મોબાઈલ ફોન ઝૂંટવીને નાસી ગયેલ અને તેને સ્થળ પરથી જ પકડવામાં આવેલ અને તેના નામજોગ ફરિયાદ આપવામાં આવેલ, તે હકીકત સ્પષ્ટપણે રેકર્ડ પર આવે છે અને બચાવ પક્ષ આ હકીકતનું કોઈ પણ પ્રકારે ખંડન કરી શકેલ નથી. વધુમાં આ કામના આરોપી પાસેથી ફરિયાદીનો મોબાઈલ ફોન કબજે લેવામાં આવેલ છે, જે અંગે આંક-૨૨ નું પંચનામું કરવામાં આવેલ. સદર પંચનામા સંબંધે ફરિયાદ પક્ષે શાહેદ નં.૭ તરીકે તપાસેલ પંચ વિમુખ જાહેર થયેલ છે. આમ

છતાં સદર પંચનામાની વિગતો તપાસ કરનાર અધિકારી દિપક મનોહરભાઈ દેવરે (શાહેદ નં.૮) ના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આમ, ફરિયાદ પક્ષે રજૂ કરેલ ફરિયાદી તેમજ પોલીસ શાહેદોના મૌખિક પુરાવા તેમજ આ કામે રજૂ કરવામાં આવેલા તમામ દસ્તાવેજી પુરાવાઓને એકસાથે વંચાણે લેતાં, ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધનો આક્ષેપિત ગુનો નિઃશંકપણે પુરવાર કરેલ હોઈ, આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરવા રજૂઆત કરેલ છે.

## બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ દલીલ/રજૂઆતો

(૮) **આરોપી** તરફે **વિ.વકીલશ્રી આર.ડી.ગાંધી**એ **આંક-૨૯** થી **લેખિત દલીલ** રજૂ કરેલ છે. આ ઉપરાંત તેમણે મૌખિક રજૂઆત પણ કરેલ છે. જે બંનેનો સારાંશ એવો છે કે, ફોજદારી વિધિમિમાંશાના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધનું તહોમતનામું નિઃશંકપણે પુરવાર કરવું આવશ્યક છે. આ સંદર્ભે બચાવ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા નામદાર સર્વોચ્ચ અદાલતના **કાલી રામ વિ. હિમાચલ પ્રદેશ રાજ્ય – ૧૯૭૩ એ.આઈ.આર. ૨૭૭૩** ના ચૂકાદા પર આધાર રાખવામાં આવેલ છે, જેમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

> *"... One of the cardinal principles which has always to be kept in view in our system of administration of justice for criminal cases is that a person arraigned as an accused is presumed to be innocent unless that presumption is rebutted by the prosecution by production of evidence as may show him to be guilty of the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden,*

*the courts cannot record a finding of the guilt of the accused. There are certain cases in which statutory presumptions arise regarding the guilt of the accused, but the burden even in those cases is upon the prosecution to prove the existence of facts which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist, the court can raise the statutory presumption and it would, in such an event, be for the accused to rebut the presumption. The onus even in such cases upon the accused is not as heavy as is normally upon the prosecution to prove the guilt of the accused. If some material is brought on the record consistent with the innocence of the accused which may reasonably be true, even though it is not positively proved to be true, the accused would be entitled to acquittal."*

નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોક્ત ચૂકાદામાં ઠરાવવામાં આવેલ સિદ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધનું તહોમતનામું પુરવાર કરવાનું તો દૂર, કોઈ પ્રતિકૂળ સંજોગો પણ પ્રસ્થાપિત કરી શકેલ નથી.

**(૮.૧) બચાવ પક્ષ તરફેના વિ.વકીલશ્રી દ્વારા વધુમાં એવી રજૂઆત કરવામાં આવેલ છે કે,** ફરિયાદી – શાહેદ નં.૧ સંદિપભાઈ શ્યામપ્યારે યાદવના મૌખિક પુરાવા અનુસાર એક ચોર ઈસમ તેમનો મોબાઈલ ફોન ઝૂંટવીને નાસી ગયેલ. ફરિયાદીએ આરોપીને તેમનો મોબાઈલ ફોન ઝૂંટવી જનાર ઈસમ તરીકે કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. પરંતુ તપાસ કરનાર અધિકારી દ્વારા ફરિયાદી મારફત આરોપીની ઓળખ પરેડ કરાવવામાં આવેલ

નથી; ફરિયાદ પક્ષે નજરે જોનાર શાહેદ તરીકે શાહેદ નં.૪ દાનબહાદુર સુંદર યાદવ તેમજ શાહેદ નં.૫ શનિ શિવાજી સહાનીનો મૌખિક પુરાવો રજૂ કરેલ છે, પરંતુ સદર બંને શાહેદોએ તેઓના મૌખિક પુરાવામાં આ કામના આરોપી ફરિયાદીનો મોબાઈલ ફોન ઝૂંટવીને નાસી ગયેલ હોય અને આરોપીને સ્થળ પરથી પકડવામાં આવેલ હોય, તેવી કોઈ વિગત જણાવેલ નથી. આ સંજોગોમાં ફરિયાદીના મૌખિક પુરાવાને ઉપરોક્ત નજરે જોનાર શાહેદોના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આ સંજોગોમાં ફરિયાદી-શાહેદ નં.૧ નાએ આરોપીને માત્ર કોર્ટ રૂબરૂ ઓળખી બતાવવા માત્રથી તેની આ ગુનામાં સંડોવણી હોવાનું સાબિત માની શકાય નહીં.

(૮.૨) **બચાવ પક્ષ તરફેના વિ.વકીલશ્રીની રજૂઆત મુજબ,** આ કેસમાં ફરિયાદી દ્વારા કરાયેલ ઓળખ એટલા માટે શંકાના પરિઘમાં આવે છે કેમ કે, આ કેસમાં ફરિયાદીની જુબાની થતા અગાઉ અત્રેની અદાલતમાં ફરિયાદી જુબાની માટે આવેલ, ત્યારે આરોપી પણ હાજર હતા અને નામદાર કોર્ટ તે દિવસે રજા પર હોઈ, અદાલત દ્વારા તે દિવસે ફરિયાદીની જુબાની ન નોંધી શકાતા બીજી મુદત પર રાખેલ. જેથી ફરિયાદીએ આરોપીને જોયેલ અને તેના આધારે આરોપીની ઓળખ થયેલ હોવાની પૂરેપૂરી શક્યતા છે.

(૮.૩) **બચાવ પક્ષ તરફેના વિ.વકીલશ્રી દ્વારા વધુમાં એવી રજૂઆત કરવામાં આવેલ છે કે,** ફરિયાદ પક્ષે આંક-૨૨ થી આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજૂ કરેલ છે. પરંતુ આ પંચનામાના પંચ દિપક સુરેશભાઈ ગવાણે કે જેમને ફરિયાદ પક્ષે શાહેદ નં.૭ તરીકે તપાસેલ છે, તેમણે તેમના મૌખિક પુરાવામાં તેમની હાજરીમાં આરોપી પાસેથી કોઈ મોબાઈલ ફોન કબજે લેવામાં આવેલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. આથી મુદ્દામાલના મોબાઈલ ફોનની રીકવરી આરોપી પાસેથી જ કરવામાં

આવેલ, તેવી રજૂઆતને પંચ શાહેદના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આ ઉપરાંત ફરિયાદ પક્ષે આંક–૧૬ ના ગુનાવાળી જગ્યાના પંચનામા સંબંધે શાહેદ નં.૨ અને ૩ તરીકે તપાસેલ પંચ શાહેદોને પણ ફરિયાદ પક્ષ દ્વારા વિમુખ જાહેર કરવામાં આવેલ છે. ઉપરોક્ત વિગતે ફરિયાદ પક્ષ આંક–૧૬ અને ૨૨ ના પંચનામાની વિગતો પુરવાર કરી શકેલ નથી.

(૮.૪) **બચાવ પક્ષ તરફેના વિ.વકીલશ્રી દ્વારા વધુમાં એવી રજૂઆત કરવામાં આવેલ છે કે,** ફરિયાદીએ તેમની ફરિયાદ સાથે તેના મોબાઈલ ફોનનું બીલ કે અન્ય કોઈ આધાર–પુરાવા રજૂ કરેલ નથી. જેથી સદર ગુનાના કામે કબજે લેવામાં આવેલ મોબાઈલ ફોન ફરિયાદીનો જ હોવાનું પ્રસ્થાપિત થતું નથી.

(૮.૫) **બચાવ પક્ષ તરફેના વિ.વકીલશ્રી દ્વારા વધુમાં એવી રજૂઆત કરવામાં આવેલ છે કે,** આરોપીને હાલના ગુનામાં ક્યારે અટક કરવામાં આવેલ, તે અંગે ફરિયાદ પક્ષના શાહેદોએ તેની સરતપાસ કે ઊલટતપાસમાં કોઈ હકીકત જણાવેલ નથી. આંક–૨૨ નું મુદ્દામાલ રીકવરીનું પંચનામું ધ્યાને લેતાં, તે તારીખઃ ૦૫.૦૪.૨૦૨૨ ના રોજ ૨૩ઃ૦૦ કલાક થી ૨૩ઃ૪૫ કલાક દરમ્યાન કરવામાં આવેલ છે. જ્યારે આરોપીની જામીન અરજીમાં પોલીસે તારીખઃ ૦૭.૦૪.૨૦૨૨ ના રોજ આરોપીને અટક કરેલાનું જણાવેલ છે. આ હકીકત ધ્યાને લેતાં, આરોપીને તારીખઃ ૦૭.૦૪.૨૦૨૨ ના રોજ અટક કરવામાં આવેલ હોય તો બનાવ તારીખઃ ૦૫.૦૪.૨૦૨૨ ના દિવસે આરોપીને સ્થળ પરથી પકડવામાં આવેલ હોવાનું માની કે સ્વીકારી શકાય નહીં.

(૮.૬) **બચાવ પક્ષ તરફેના વિ.વકીલશ્રી દ્વારા વધુમાં એવી રજૂઆત**

**કરવામાં આવેલ છે કે,** આરોપી બનાવવાળી જગ્યાએ હાજર ન હોવા છતાં તેમને હાલના ગુનામાં ખોટી રીતે આરોપી તરીકે જોડી ફરિયાદ ઉભી કરવામાં આવેલ છે; તેમને હાલના ગુનામાં માત્ર શંકાના આધારે અટક કરવામાં આવેલ છે. આમ, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ આધારે આરોપી વિરુદ્ધનો આક્ષેપિત ગુનો નિઃશંકપણે પુરવાર થતો ન હોઈ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત કરેલ છે.

## મુદ્દા અને તેના નિર્ણયો

(૯) આ પ્રકરણમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ.વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં આ કેસના અંતિમ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ–

૧. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, તારીખઃ ૦૫.૦૪.૨૦૨૨ ના રોજ ૨૦ઃ૦૦ કલાકથી ૨૦ઃ૧૫ કલાક દરમ્યાન, સુરત શહેર, અમરોલી આવાસ એચ–૧, ગેઈટ નં.૩ પાસે, જાહેર રોડ પર ફરિયાદી સંદિપ શ્યામપ્યારે યાદવ શાકભાજી લેતા હતા, તે દરમ્યાન આરોપીએ ફરિયાદી પાસે આવી, તેમના શર્ટના ખિસ્સામાંથી તેમનો Vivo કંપનીનો Y93 મોડલનો ₹૫,૦૦૦/– ની કિંમતનો મોબાઈલ ફોન અપ્રમાણિકપણે તેમની સંમતિ વગર ઝૂંટવી લઈ નાસી જઈ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધ ફરમાવવામાં આવેલ તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે?

**૩.** શું હુકમ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓની કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ તેના નિર્ણયો નીચે મુજબ છેઃ–

**૧.** નકારમાં.
**૨.** નકારમાં.
**૩.** આખરી હુકમ મુજબ.

## કા ર ણો

**મુદ્દા નં.૧:–**

**(૧૧)** આ કામના આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમત મૂકવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે આરોપી સામેનું તહોમતનામું પુરવાર કરવા માટે કુલ આઠ શાહેદોનો મૌખિક પુરાવો રજૂ કરેલ છે અને તેને સંલગ્ન દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે, જે મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું વિવરણ નીચે પ્રમાણે કરવામાં આવેલ છે.

## ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું વિવરણ

## <u>મુખ્ય શાહેદોનો પુરાવો</u>

**(૧૨)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧** તરીકે **ફરિયાદી સંદિપભાઈ શ્યામપ્યારે યાદવ**ને **આંક–૧૧** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૨ માં તેઓ સુરત ખાતે અમરોલી આવાસમાં રહેતા હતા, તે સમયે તેમની પાસે વિવો વાય૯૩ મોડલનો મોબાઈલ ફોન હતો; તેઓ અમરોલી આવાસ વિસ્તારમાં શાકભાજી લેવા માટે જતા હતા, તે વખતે તેમનો મોબાઈલ ફોન તેમના ખિસ્સામાં હતો; તેઓ શાકભાજી ખરીદ કરતા હતા, ત્યારે એક ચોર તેમનો મોબાઈલ ફોન ખેંચીને ભાગેલ અને તેમણે બૂમ પાડી એટલે ત્યાં હાજર સામેવાળાએ તેને પકડી પાડેલ; ત્યાર બાદ ત્યાં હાજર કીરીટભાઈએ પોલીસ સ્ટેશને ફોન કરેલ, તેથી પોલીસ સ્થળ ઉપર આવેલ; આ બનાવ બાબતે તેમણે પોલીસમાં ફરિયાદ આપેલ, જે ફરિયાદ તેમણે **આંક–૧૨** થી રજૂ કરી તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેમણે પોલીસને બનાવવાળી જગ્યા બતાવેલ. તેઓ તેમનો મોબાઈલ ફોન ખેંચી જનાર ઈસમને ઓળખી શકે તેમ જણાવી, આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૧૨.૧)** **બચાવ પક્ષ** તરફે કરવામાં આવેલ **ઊલટતપાસ**માં તેમણે એ સૂચનનો ઈન્કાર કરેલ છે કે, તેમણે માત્ર પોલીસ સ્ટેશનાં ફરિયાદ આપેલ અને તેઓ આરોપીને ઓળખતા ન હતા.

**(૧૩)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૪** તરીકે **નજરે જોનાર શાહેદ દાનબહાદુર સુંદર યાદવ**ને **આંક–૧૮** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની

સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આ કામના ફરિયાદીને ઓળખતા નથી; તેમણે કોઈ બૂમાબૂમ સાંભળેલ હોય, કોઈને કોઈની પાછળ દોડતા જોયા હોય, તેવું તેમના ધ્યાનમાં નથી. તેમણે કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખવાનો ઈન્કાર કરેલ છે.

સદર શાહેદ તેમના મૌખિક પુરાવામાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતી કોઈ વિગતો જણાવતા ન હોઈ, **વિ.એ.પી.પી.શ્રીએ** તેમને **વિમુખ** જાહેર કરી તેમની વિગતવાર ઊલટતપાસ કરેલ છે, પરંતુ તેમાંથી ફરિયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવતી નથી.

**(૧૪)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૫** તરીકે **નજરે જોનાર શાહેદ શનિ શિવાજી સહાની**ને **આંક-૧૯** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, એચ-૭૭ નંબરની બિલ્ડિંગની ગલીમાં બનાવ બનેલ, એક આરોપીને પકડેલ હતો, તેનું નામ તેમને ખબર નથી; બનાવને ઘણો સમય થઈ ગયેલ હોઈ, તેઓ આરોપીને ઓળખી શકે નહીં; પોલીસે કોઈ વ્યક્તિને પકડેલ હોય, તેવું બનેલ નથી.

સદર શાહેદ તેમના મૌખિક પુરાવામાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતી કોઈ વિગતો જણાવતા ન હોઈ, **વિ.એ.પી.પી.શ્રીએ** તેમને **વિમુખ** જાહેર કરી તેમની વિગતવાર ઊલટતપાસ કરેલ છે, પરંતુ તેમાંથી ફરિયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવતી નથી.

## પંચ શાહેદોનો પુરાવો

**(૧૫)** ફરિયાદ પક્ષે **આંક-૧૬** થી **ગુનાવાળી જગ્યાનું પંચનામું** રજૂ કરેલ છે. આ પંચનામાની વિગતો અનુસાર ગુનાવાળી જગ્યા સુરત શહેર, અમરોલી આવાસ એચ-૧, ગેઈટ નં.૩ પાસે આવેલ છે. સદર પંચનામાની

વિગતો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨** તરીકે **પંચ વીકી ગીરીશભાઈ સોલંકી**ને **આંક–૧૫** થી તેમજ **શાહેદ નં.૩** તરીકે **પંચ અબ્બાસ ઉસ્માન શેખ**ને **આંક–૧૭** થી તપાસેલ છે. સદર બંને પંચ શાહેદોએ તેઓના મૌખિક પુરાવામાં સમાન પ્રકારે જણાવેલ છે કે, તેઓની હાજરીમાં આ કામના ફરિયાદીએ કોઈ જગ્યા બતાવેલ હોય, તેવું બનેલ નથી. તેઓએ આંક–૧૬ ના પંચનામામાં પંચ તરીકે ફક્ત તેઓની સહી ઓળખી બતાવેલ છે; આ સિવાય તેઓએ સદર પંચનામાને સમર્થન કરતી કોઈ વિગતો જણાવેલ ન હોઈ, **વિ.એ.પી.પી.શ્રીએ** સદર બંને પંચ શાહેદોને **વિમુખ** જાહેર કરી તેઓની ઊલટતપાસ કરેલ છે, પરંતુ તેમાંથી સદર પંચનામાને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવતી નથી.

**(૧૬)** ફરિયાદ પક્ષે **આંક–૨૨** થી **મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું** રજૂ કરેલ છે. સદર પંચનામાની વિગતો અનુસાર આ કામે અટક થયેલા આરોપી પાસેથી પંચોની હાજરીમાં ફરિયાદીનો ચોરી થયેલ મોબાઈલ ફોન કબજે લેવામાં આવેલ છે. સદર પંચનામાની વિગતો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૭** તરીકે **પંચ દિપક સુરેશભાઈ ગવાણે**ને **આંક–૨૨** થી તપાસેલ છે. સદર પંચ શાહેદે તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, પોલીસે તેમની હાજરીમાં કોઈ મોબાઈલ ફોન કબજે લીધેલ હોય, તેવું બનેલ નથી. તેમણે આંક–૨૨ ના પંચનામામાં પંચ તરીકે ફક્ત તેમની સહી ઓળખી બતાવેલ છે; આ સિવાય તેમણે સદર પંચનામાને સમર્થન કરતી કોઈ વિગતો જણાવેલ ન હોઈ, **વિ.એ.પી.પી.શ્રીએ** સદર પંચ શાહેદને **વિમુખ** જાહેર કરી ઊલટતપાસ કરેલ છે, પરંતુ તેમાંથી સદર પંચનામાને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવતી નથી.

## પોલીસ શાહેદોનો પુરાવો

(૧૭) ફરિયાદ પક્ષે **શાહેદ નં.૬** તરીકે **પી.એસ.ઓ. ઘનશ્યામભાઈ દાદુભાઈ ગઢવી**ને **આંક–૨૦** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૦૫.૦૪.૨૦૨૨ ના રોજ તેઓ અમરોલી પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા, તે દરમ્યાન આ કામના ફરિયાદી સંદીપ શ્યામપ્યારે યાદવે તેમનો મોબાઈલ ફોન સ્નેચીંગ થયા સંબંધે આરોપી વિરુદ્ધ ફરિયાદ આપતા, તેમણે તેના લખાવ્યા મુજબ ફરિયાદ લખી લીધેલ અને તેમાં ફરિયાદીની સહી લીધેલ અને રૂબરૂ તરીકે તેમણે સહી કરેલ, જે આંક–૧૨ ની ફરિયાદમાં તેમણે ફરિયાદીની તથા રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, ફરિયાદ લખ્યા બાદ તેમણે તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરી, હાલનો ગુનો દાખલ કરી આગળની તપાસ એ.એસ.આઈ. દિપક મનોહરભાઈને સોંપેલ.

(૧૭.૧) **બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** તેમણે સદર કામે ફરિયાદીની ફરિયાદ નોંધી ગુનો દાખલ કરવા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી.

(૧૮) ફરિયાદ પક્ષે **શાહેદ નં.૮** તરીકે **તપાસ કરનાર અધિકારી દિપક મનોહરભાઈ દેવરે**ને **આંક–૨૩** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૨ માં તેઓ અમરોલી પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા, તે દરમ્યાન પી.એસ.ઓ. એ ગુનો દાખલ કરી આગળની તપાસ તેમને સોંપેલ; તપાસના કામે તેમણે બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, જે આંક–૧૬ ના પંચનામામાં તેમણે બંને પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસના કામે આરોપીને પબ્લીકના

માણસોએ પકડેલ હોઈ, તેમણે આરોપી પાસેથી મુદ્દામાલ પંચનામું કરી કબજે લીધેલ, જે આંક–૨૨ ના પંચનામામાં તેમણે બંને પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તપાસના કામે તેમણે લાગતા–વળગતા શાહેદોના નિવેદનો નોંધેલા અને તપાસના અંતે આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતા, તેમણે નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. સદર શાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે અને વિમુખ જાહેર થયેલા શાહેદોની જુબાનીના વિરોધાભાસ પુરવાર કરેલ છે.

## ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન

(૧૯) ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરતાં પહેલાં એ હકીકત નોંધનીય છે કે, ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો ખાસ કરીને જુદી જુદી નામદાર વડી અદાલતો અને નામદાર સર્વોચ્ચ અદાલતના જુદા જુદા ચૂકાદાઓ અન્વયે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, ફરિયાદ પક્ષે પોતાનો કેસ સંપૂર્ણપણે એટલે કે નિઃશંકપણે અને સચોટપણે પુરવાર કરવો જોઈએ. નામદાર સર્વોચ્ચ અદાલતના તાજેતરના જુદા જુદા ચૂકાદાઓ મુજબ, અદાલતે ઘઉંમાથી કાંકરા નહીં, પરંતુ કાંકરામાંથી ઘઉં શોધવાના હોય છે; એટલે કે, નામદાર સર્વોચ્ચ અદાલતના ધ્યાન પર આવેલ છે કે, ફરિયાદ પક્ષના કેસમાં ક્યારેક નબળાઈ, ખોટ અથવા તો અધૂરાપણું જણાતું હોય છે, પરંતુ તેને કારણે અથવા તો ફરિયાદ પક્ષના તપાસ કરનાર અધિકારીની બેદરકારીના કારણે ફરિયાદ પક્ષનો કેસ સંપૂર્ણપણે ફેંકી દઈ શકાય નહીં; કારણ કે, સત્ય એ સત્ય જ રહે છે; એટલું જ નહીં પરંતુ ફરિયાદ પક્ષના કેસના તપાસ કરનાર

અધિકારીએ ખોટી રીતે તહોમતદારને કોઈ પણ ગુનામાં સંડોવી દીધેલ હોય તો સ્વાભાવિક રીતે અદાલતે સંપૂર્ણ રીતે જાગૃત રહીને નિર્દોષ વ્યક્તિને સજા ન થઈ જાય અને તે જ રીતે તહોમતદાર સજામાંથી કે ગુનામાંથી છટકી ન જાય, તે બાબત પણ નમ્રતાપણે ફોજદારી અદાલતે જોવાની હોય છે. તેવી જ રીતે ફરિયાદ પક્ષના કેસમાં ઘણા બધા સાક્ષીઓને તપાસ્યા છે કે કેમ? એટલે કે, ફરિયાદ પક્ષના સાક્ષીઓનો જથ્થો (quantity) જોવાનો હોતો નથી, પરંતુ ફરિયાદ પક્ષના જે જે સાક્ષીઓની જુબાની થઈ હોય, તેની લાયકાત (quality) જોવાની હોય છે; એટલે કે, પુરાવાનું મૂલ્યાંકન એ રીતે કરવાનું હોય છે કે જેથી કરીને સત્ય હકીકત બહાર આવે અને "વિક્ટીમોલોજી" એટલે કે ભોગ બનનારને સાચો ન્યાય મળી શકે અને ફોજદારી કાયદા અન્વયેના સિદ્ધાંત જળવાઈ રહે તેમજ આરોપીને કોઈ પૂર્વગ્રહ ન થાય, તે તમામ પાસાઓ અદાલતે તપાસવાના હોય છે. નામદાર સર્વોચ્ચ અદાલતના તાજેતરના ચૂકાદાઓ પ્રમાણે માત્ર એક સાક્ષીનો પુરાવો જો કુદરતી, વાસ્તવિક, માનવાલાયક, ભરોસાપાત્ર અને વિશ્વસનીય જણાઈ આવતો હોય તો તેવા એકમાત્ર શાહેદની જુબાની માનીને પણ સજા થઈ શકે. તેવી જ રીતે ફરિયાદ પક્ષે ૪૦-૫૦ શાહેદો તપાસેલા હોય અને તેઓનો પુરાવો માનવાલાયક, કુદરતી, ભરોસાપાત્ર તેમજ વિશ્વસનીય ન હોય તો તેવા ૪૦-૫૦ શાહેદોની જુબાની પણ ન માનીને તહોમતદારને નિર્દોષ ઠરાવી શકાય છે. ટૂંકમાં દરેક કેસના સંજોગો અને હકીકતો અલગ-અલગ હોય છે. અદાલતે દરેક કેસની હકીકતો, સંજોગો અને રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લઈ કેસનો ગુણદોષ પર નિર્ણય કરવાનો હોય છે.

**(૨૦)** કાયદાના ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લઈ, ફરિયાદ પક્ષ દ્વારા ઉપરોક્ત જે મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે, તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો, **ફરિયાદી-શાહેદ નં.૧ સંદિપભાઈ**

**શ્યામપ્યારે યાદવ**ના **આંક–૧૧** ના મૌખિક પુરાવા આધારે તેઓ શાકભાજી લેતા હતા ત્યારે એક ચોર ઈસમ તેમનો મોબાઈલ ફોન ઝૂંટવીને નાસી ગયેલ, તેટલી હકીકત રેકર્ડ પર આવે છે. **તેમણે તેમના મૌખિક પુરાવા દરમ્યાન આરોપીને તેમનો મોબાઈલ ફોન ઝૂંટવી જનાર ઈસમ તરીકે કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. ફરિયાદીએ આંક–૧૨ થી રજૂ કરેલ ફરિયાદ વંચાણે લેવામાં આવે તો તેમાં આ કામના આરોપીને સ્થળ પરથી પકડવામાં આવેલ હોવાનો અને ફરિયાદીએ આરોપીના નામજોગ ફરિયાદ આપેલ હોવાનો ઉલ્લેખ છે. આમ, ફરિયાદીની આંક–૧૨ ની ફરિયાદ અને આંક–૧૧ ના મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરતા એ હકીકત સ્વીકૃત છે કે, તેમણે આરોપીના નામજોગ ફરિયાદ આપેલ છે અને તેમનો મોબાઈલ ફોન ખેંચી જનાર તરીકે આ કામના આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ તબક્કે આંક–૧૨ ની ફરિયાદ વંચાણે લેવામાં આવે તો, તેમાં એવી હકીકત જણાવવામાં આવેલ છે કે, ફરિયાદીએ ચોર ચોર ની બૂમો પાડતા શાકમાર્કેટમાંથી બે વ્યક્તિઓ તેની પાછળ દોડી તે છોકરાને પકડી પાડેલ, જેથી ફરિયાદી તેમની પાસે ગયેલ, તે વખતે આ બે વ્યક્તિઓએ પોતાની ઓળખ અમરોલી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. દિપકભાઈ મનોહરભાઈ તેમજ અ.હે.કો. કિરીટભાઈ રસીકભાઈ તરીકે આપેલ. અત્રે એ હકીકત નોંધનીય છે કે, ઉપરોક્ત બે વ્યક્તિઓ કે જેમણે આરોપીને સ્થળ પરથી પકડેલ, તે પૈકી એ.એસ.આઈ. દિપકભાઈ મનોહરભાઈ એ આ ગુનાના તપાસ કરનાર અધિકારી છે, જેમને ફરિયાદ પક્ષે શાહેદ નં.૮ તરીકે આંક–૨૦ થી તપાસેલ છે. સદર શાહેદ નં.૮ તપાસ કરનાર અધિકારીએ તેમના મૌખિક પુરાવામાં તેમણે આ કામના આરોપીને સ્થળ પરથી પકડેલ હોય, તેવી કોઈ સ્પષ્ટ વિગતો જણાવેલ નથી. તેમણે તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, આરોપીને પબ્લીકના માણસોએ પકડેલ. આમ, ફરિયાદી–શાહેદ નં.૧ તેમજ તપાસ કરનાર અધિકારી–શાહેદ નં.૮ ના મૌખિક પુરાવામાં આરોપીને**

**કોણે પકડેલ, તે અંગે વિરોધાભાસી વિગતો રેકર્ડ પર આવે છે. એટલું જ નહીં, ફરિયાદીની આંક–૧૨ ની ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપીને પકડનાર બીજી વ્યક્તિ અ.હે.કો. કિરીટભાઈ રસીકભાઈ છે. પરંતુ ફરિયાદ પક્ષે સદર અ.હે.કો. કિરીટભાઈ રસીકભાઈને આ કામે શાહેદ તરીકે તપાસેલ ન હોઈ, તેનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આથી આરોપીને કઈ વ્યક્તિ દ્ધારા સ્થળ પરથી પકડવામાં આવેલ, તે અંગે ફરિયાદ પક્ષ દ્ધારા રજૂ કરવામાં આવેલ પુરાવો શંકા ઉપજાવે છે.**

**(૨૧)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૪** તરીકે દાનબહાદુર સુંદર યાદવને તેમજ **શાહેદ નં.૫** તરીકે શનિ શિવાજી સહાનીનો મૌખિક પુરાવો રજૂ કરેલ છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ, સદર બંને શાહેદો એ **નજરે જોનાર શાહેદો** છે. સદર બંને શાહેદોના મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, **તેઓના મૌખિક પુરાવાથી ફરિયાદીનો મોબાઈલ ફોન આ કામના આરોપી ઝૂંટવીને નાસી ગયેલ હોય અને આરોપીને સ્થળ પરથી પકડવામાં આવેલ હોય, તેવી કોઈ વિગત રેકર્ડ પર આવતી નથી. સદર બંને શાહેદોએ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી પણ બતાવેલ નથી. આમ, ફરિયાદીના ઉપરોક્ત મૌખિક પુરાવાને નજરે જોનાર શાહેદોના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આ જોતાં પ્રસ્તુત કેસમાં બે સ્થિતિનું નિર્માણ થાય છે, જેમાં ફરિયાદીના જ કહેવા પ્રમાણે આરોપીને પકડનાર શખ્સ અને બનાવના સ્થળે હાજર લોકો જેમને શાહેદ તરીકે તપાસવામાં આવેલ છે, તેમાં પ્રસ્તુત કેસમાં ફરિયાદી આરોપીને ઓળખી બતાવે છે, જ્યારે અન્ય શાહેદ આ અંગે ઈન્કાર કરે છે.** ફરિયાદીની ફરિયાદના અનુસંધાને આરોપીની ઓળખ થવાના સંજોગો પ્રસ્થાપિત થતા નથી, તેવામાં બચાવ પક્ષ દ્ધારા લેવામાં આવેલ બચાવ વાજબી જણાય છે. કેસનું રેકર્ડ જોતાં ધ્યાને પડે છે કે, પ્રસ્તુત કેસમાં ફરિયાદી જુબાની માટે તારીખઃ ૧૭.૦૮.૨૦૨૪ ના રોજ અદાલત રૂબરૂ હાજર હતા. આ દિવસનું

એટલે કે તારીખઃ ૧૭.૦૮.૨૦૨૪ તેમજ તારીખઃ ૨૦.૦૮.૨૦૨૪ ના રોજનું રોજકામ નીચે મુજબ છેઃ–

| | | |
|---|---|---|
| ૧૭.૦૮.૨૦૨૪ | આજરોજ કામ રજૂ કર્યું.<br>આરોપી જામીન મુક્ત હોઈ, હાજર છે.<br>એ.પી.પી. ડોબરીયા હાજર છે.<br>આરોપીના વકીલશ્રી હાજર છે.<br>ફરિયાદી હાજર છે.<br>પ્રિ.ઓફિસર સાહેબ રજા પર<br>ફરિયાદી પોતાના વતન જનાર હોવાથી માંગ્યા મુજબ તારીખ આપી.<br>હવે આ કામ ફરિયાદીને તપાસવા માટે મુલતવી. | ૨૦.૦૮.૨૦૨૪ |
| ૨૦.૦૮.૨૦૨૪ | આજરોજ કામ રજૂ કર્યું.<br>આરોપી જામીન મુક્ત હોઈ, હાજર છે.<br>એ.પી.પી.ડોબરીયા હાજર છે.<br>આરોપીના વકીલશ્રી હાજર છે.<br>ફરિયાદી હાજર છે. | |
| P–૧૧ | સાહેદી નં.૧ સંદિપભાઈ શ્યામ પ્યારે યાદવની જુબાની | |
| P–૧૨/PW1 | નિ.૫/૧ ફરિયાદ<br>હવે આ કામ સાહેદ નં.૨ થી ૫ ને સાહેદ સમન્સ બજવા મુલતવી. | ૦૫.૦૯.૨૦૨૪ |

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતાં, ફરિયાદી–શાહેદ નં.૧ દ્વારા તેમની જુબાની દરમ્યાન કરવામાં આવેલ આરોપીની ઓળખ શંકાના પરિઘમાં આવે છે.

**(૨૨)** વિશેષમાં, તપાસ કરનાર અધિકારીએ ફરિયાદી મારફત આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી અને ફરિયાદીએ બનાવ બાદ સૌપ્રથમ વખત આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષના **નઝીમ અને બીજા વિ. ઉત્તરાખંડ રાજ્ય – ૨૦૨૫(૦) એ.આઈ.આર. (એસ.સી.) ૪૮૦૧** ના ચૂકાદાનો સંદર્ભ

લાભદાયી રહેશે. સદર ચૂકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્ધારા ઠરાવવામાં આવેલ છે કે,

*__41.__ Both PW-3 and PW-4 thus identified the Appellants for the first time in court. No TIP was conducted, even though PW-3Crl. A. No. 715 of 2018 Page 23 of 33 admitted he had never known the accused earlier. It is well settled that dock identification without a prior TIP has little evidentiary value where the witness had no prior familiarity with the accused. In P. Sasikumar v. State (2024) 8 SCC 600, this Court acquitted the accused on precisely this ground, holding:*

*"17. The admitted position in this case is that the test identification parade was not conducted. All the prosecution witnesses who identified the accused in the Court [...] were not known to the present Appellant. They had not seen the present Appellant prior to the said incident. He was a stranger to both of them....*

*18. [...] Under these circumstances, TIP had become necessary particularly when both the accused, who are alleged to have committed this murder were arrested within two days.*

*19. [...] No explanation whatsoever has been given by the prosecution as to why TIP was not conducted in this case before a Magistrate as it ought to have been done."*

***42.*** *The Court further explained that TIP is only part of the investigative process and that the substantive evidence is dock identification; however, where the accused is a stranger to the witness and no TIP is held, courts must exercise extreme caution in accepting such identification. The following paragraph of P. Sasikumar (supra) is indicative of the same:*

*"21. It is well settled that TIP is only a part of police investigation. The identification in TIP of an accused is not a substantive piece of evidence. The substantive piece of evidence, is only dock identification that is identification made by witness in court during trial.*

*23. […] In cases where an accused is a stranger to a witness and there has been no TIP, the trial court should be very cautious while accepting dock identification by such a witness.*

*24. […] We are of the opinion that not conducting a TIP in this case was a fatal flaw in the police investigation and in the absence of TIP the dock identification of the present appellant will always remain doubtful. Doubt always belongs to the accused."*

***43.*** *In the present case, it is clear that the identification of the appellants by PW-3 and PW-4 cannot be accepted with confidence. PW-3 himself admitted he had never known Nazim or Aftab previously, yet no TIP was conducted. His alleged*

*sighting was from a considerable distance while engaged in harvesting work, with his line of sight obstructed, and the natural witnesses present with him were not examined. PW-4, though a co-villager, failed to mention his alleged sighting either in the FIR or during the search for the missing child, and could not even recall the timing of him informing PW-1 about it. Both witnesses identified the Appellants for the first time in court, which, in the absence of a TIP, renders their dock identification less credible. Their testimonies, therefore, cannot constitute reliable evidence of identification.*

**(૨૨.૧) નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોક્ત ચૂકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતોને અનુલક્ષીને હાથ પરના કેસની મૂલવણી કરવામાં આવે તો, હાથ પરના કેસમાં પણ ફરિયાદીએ આરોપીના નામજોગ ફરિયાદ આપેલ છે અને તેમના મૌખિક પુરાવા દરમ્યાન તેમનો મોબાઈલ ઝૂંટવી જનાર ઈસમ એ આ કામના આરોપી હોવાનું જણાવી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. પરંતુ આરોપીને સ્થળ પરથી પકડ્યા અંગે ફરિયાદી (શાહેદ નં.૧) તથા તપાસ કરનાર અધિકારી (શાહેદ નં.૮) ના મૌખિક પુરાવામાં વિરોધાભાસ આવેલ છે. નજરે જોનાર શાહેદો (શાહેદ નં.૪ અને ૫) એ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતી કોઈ વિગત જણાવેલ નથી અને તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ છે. ફરિયાદી મારફત આરોપીની ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી.**

**(૨૨.૨)** આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતના **<u>યોગેશ સીંઘ વિ. મહાબિર સીંઘ – ૨૦૧૬(૦) એ.આઈ.આર. (એસસી) ૫૧૬૦</u>** ના

ચૂકાદાનો સંદર્ભ લાભદાયી રહેશે. જેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે,

***15.*** *It is a cardinal principle of criminal jurisprudence that the guilt of the accused must be proved beyond all reasonable doubts. However, the burden on the prosecution is only to establish its case beyond all reasonable doubt and not all doubts. Here, it is worthwhile to reproduce the observations made by Venkatachaliah, J., in State of U.P. Vs. Krishna Gopal and Anr., (1988) 4 SCC 302:*

*"25. Doubts would be called reasonable if they are free from a zest for abstract speculation. Law cannot afford any favourite other than truth. To constitute reasonable doubt, it must be free from an overemotional response. Doubts must be actual and substantial doubts as to the guilt of the accused person arising from the evidence, or from the lack of it, as opposed to mere vague apprehensions. A reasonable doubt is not an imaginary, trivial or a merely possible doubt; but a fair doubt based upon reason and common sense. It must grow out of the evidence in the case.*

*26. The concept of probability, and the degrees of it, cannot obviously be expressed in terms of units to be mathematically enumerated as to how many of such units constitute proof beyond reasonable doubt. There is an unmistakable subjective element in the evaluation of the degrees of probability and the quantum of proof. Forensic probability must, in the last analysis, rest on a robust common sense and,*

*ultimately on the trained intuitions of the judge. While the protection given by the criminal process to the accused persons is not to be eroded, at the same time, uninformed legitimization of trivialities would make a mockery of administration of criminal justice."*

*[See also Krishnan Vs. State, (2003) 7 SCC 56; Valson and Anr. Vs. State of Kerala, (2008) 12 SCC 24 and Bhaskar Ramappa Madar and Ors. Vs. State of Karnataka, (2009) 11 SCC 690].*

***16. Another golden thread which runs through the web of the administration of justice in criminal cases is that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted.*** *[Vide Kali Ram Vs. State of Himachal Pradesh, (1973) 2 SCC 808; State of Rajasthan Vs. Raja Ram, (2003) 8 SCC 180; Chandrappa & Ors. Vs. State of Karnataka, (2007) 4 SCC 415; Upendra Pradhan Vs. State of Orissa, (2015) 11 SCC 124 and Golbar Hussain & Ors. Vs. State of Assam and Anr., (2015) 11 SCC 242].*

***17.*** *However, the rule regarding the benefit of doubt does not warrant acquittal of the accused by resorting to surmises, conjectures or fanciful considerations, as has been held by this Court in the case of State of Punjab Vs. Jagir Singh, (1974) 3 SCC 277:*

*"A criminal trial is not like a fairy tale wherein one is free to give flight to one's imagination and fantasy. It concerns itself with the question as to whether the accused arraigned at the trial is guilty of the offence with which he is charged. Crime is an event in real life and is the product of interplay of different human emotions. In arriving at the conclusion about the guilt of the accused charged with the commission of a crime, the court has to judge, the evidence by the yardstick of probabilities, its intrinsic worth and the animus of witnesses. Every case in the final analysis would have to depend upon its own facts. Although the benefit of every reasonable doubt should be given to the accused, the courts should not at the same time reject evidence which is ex facie trustworthy, on grounds which are fanciful or in the nature of conjectures."*

***18.*** *Similarly, in Shivaji Sahebrao Bobade & Anr. Vs. State of Maharashtra, (1973) 2 SCC 793, V.R. Krishna Iyer, J., stated thus:*

*"The cherished principles or golden thread of proof beyond reasonable doubt which runs through the web of our law should not be stretched morbidly to embrace every hunch, hesitancy and degree of doubt. The excessive solicitude reflected in the attitude that a thousand guilty men may go but one innocent martyr shall not suffer is a false dilemma. Only*

*reasonable doubts belong to the accused. Otherwise any practical system of justice will then break down and lose credibility with the community."*

**(૨૨.૩)** વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતના **સુજીત બીશ્વાસ વિ. આસામ રાજ્ય – ૨૦૧૩(૧૨) એસ.સી.સી. ૪૦૬** ના ચૂકાદાનો સંદર્ભ લાભદાયી છે. જેમાં ઠરાવવામાં આવેલ છે કે,

***6.*** *Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that `may be' proved, and something that `will be proved'. In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between `may be' and `must be' is quite large, and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not take the place of legal proof. The large distance between `may be' true and `must be' true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by the prosecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between `may be' true and `must be' true, the court must maintain the vital distance between mere conjectures and sure conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny, based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the*

*evidence brought on record. The court must ensure, that miscarriage of justice is avoided, and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused, keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but a fair doubt that is based upon reason and common sense. (Vide: Hanumant Govind Nargundkar & Anr. V/s. State of M.P., AIR 1952 SC 343; State through CBI V/s. Mahender Singh Dahiya, AIR 2011 SC 1017; and Ramesh Harijan V/s. State of U.P., AIR 2012 SC 1979).*

**(૨૨.૪)** વિશેષમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **કાલી રામ વિ. હિમાચલ પ્રદેશ રાજ્ય – ૧૯૭૩ એ.આઈ.આર. ૨૭૭૩** ના ચૂકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,

***25.*** *Another golden thread which runs through the web of the administration of justice in criminal cases is that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted.*

**(૨૩)** હવે **મુદ્દામાલની રીકવરી** અંગેનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદ પક્ષના કેસ મુજબ, પોલીસે આરોપીને અટક કર્યા બાદ પંચોની હાજરીમાં આરોપી પાસેથી મુદ્દામાલનો મોબાઈલ ફોન કબજે લીધેલ અને તે અંગે **આંક–૨૨** નું પંચનામું કરવામાં આવેલ. સદર પંચનામાના બે પંચો પૈકી ફરિયાદ પક્ષે માત્ર એક જ પંચ દિપક સુરેશભાઈ ગવાણેને શાહેદ નં.૭ તરીકે તપાસેલ છે. **જેમણે તેમના મૌખિક પુરાવામાં તેમની હાજરીમાં આરોપી પાસેથી મુદ્દામાલનો મોબાઈલ ફોન કબજે લેવામાં આવેલ હોવાનો ઈન્કાર**

**કરેલ છે.** પરીણામે, મુદ્દામાલની રીકવરી આ કામના આરોપી પાસેથી કરવામાં આવેલ હોવાના ફરિયાદ પક્ષના આક્ષેપને પંચ શાહેદના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. ફરિયાદ પક્ષે ઉપરોક્ત પંચનામાના બીજા પંચને આ કામે શાહેદ તરીકે તપાસેલ નથી. **એટલું જ નહીં, ફરિયાદ પક્ષે તપાસેલ સ્વતંત્ર શાહેદો – નજરે જોનાર શાહેદો (શાહેદ નં.૪ અને ૫) ના મૌખિક પુરાવાથી આરોપીને મુદ્દામાલના મોબાઈલ ફોન સાથે સ્થળ પરથી અટક કરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું નથી. વિશેષમાં, જે જગ્યાએથી આરોપીને મુદ્દામાલના મોબાઈલ ફોન સાથે અટક કરવામાં આવેલ, તે જગ્યા જાહેર વિસ્તાર હોવાનું જણાય છે. પરંતુ આ વિસ્તાર કે તેની આસપાસના વિસ્તારોના સીસીટીવી ફુટેજ તપાસ કરનાર અધિકારીએ કબજે લીધા હોય, તેવું જણાઈ આવતું નથી. આવા કોઈ સીસીટીવી ફુટેજ ફરિયાદ પક્ષ દ્વારા આ કામે રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ નથી. ફરિયાદી–શાહેદ નં.૧ નાએ તેમના મૌખિક પુરાવામાં કબૂલ રાખેલ છે કે, તેમને તેમનો મોબાઈલ ફોન કોર્ટના હુકમથી પરત મળી ગયેલ છે.**

**(૨૩.૧)** આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતનો **તોમાસો બ્રુનો વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય – ૨૦૧૫(૦) એઆઈજેઈએલ–એસસી ૫૬૦૯૭** નો ચૂકાદો વંચાણે લેવામાં આવે તો, આ ચૂકાદાના પેરા–૨૨ માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છેઃ–

> *"22. To invoke Section 106 of the Evidence Act, the main point to be established by the prosecution is that the accused persons were present in the hotel room at the relevant time. PW-1 Ram Singh-Hotel Manager stated that CCTV cameras are installed in the boundaries, near the reception, in the kitchen, in the restaurant and all three floors. Since CCTV*

*cameras were installed in the prominent places, CCTV footage would have been best evidence to prove whether the accused remained inside the room and whether or not they have gone out. CCTV footage is a strong piece of evidence which would have indicated whether the accused remained inside the hotel and whether they were responsible for the commission of a crime. It would have also shown whether or not the accused had gone out of the hotel. CCTV footage being a crucial piece of evidence, it is for the prosecution to have produced the best evidence which is missing. Omission to produce CCTV footage, in our view, which is the best evidence, raises serious doubts about the prosecution case."*

**(૨૪)** હવે ઉપરોક્ત તમામ બાબતોને લક્ષમાં લઈએ તો એ હકીકત નિર્વિવાદ બને છે કે, ફરિયાદીએ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. પરંતુ આરોપીને સ્થળ પરથી અટક કરવા અંગે ફરિયાદી–શાહેદ નં.૧ તેમજ તપાસ કરનાર અધિકારી–શાહેદ નં.૮ ના મૌખિક પુરાવામાં વિરોધાભાસ જણાય છે. ફરિયાદી મારફત આરોપીની ઓળખ શંકાના પરિઘમાં આવે છે. આરોપીની આ ગુનામાં સંડોવણી સંબંધે કે મુદ્દામાલની રીકવરી સંબંધે સ્વતંત્ર શાહેદો કે પંચ શાહેદોના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. ફરિયાદી મારફત આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી. આરોપી પાસેથી મુદ્દામાલની રીકવરી નિઃશંકપણે પુરવાર થયેલ નથી. આરોપીને બનાવવાળી જગ્યાએથી મુદ્દામાલના મોબાઈલ ફોન સાથે અટક કરવા સંબંધે સીસીટીવી ફુટેજનો કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું સમગ્રપણે મૂલ્યાંકન

કરવામાં આવે તો ફરિયાદીનો મોબાઈલ ફોન આ કામના આરોપીએ જ લૂંટી લીધેલ અને આરોપી પાસેથી જ ફરિયાદીનો મોબાઈલ ફોન રીકવર કરવામાં આવેલ, તે હકીકત નિઃશંકપણે પ્રસ્થાપિત થતી નથી. આમ, ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધનું તહોમતનામું મૌખિક, દસ્તાવેજી, દાર્શનિક, વૈજ્ઞાનિક કે અન્ય કોઈ પણ પુરાવાથી વાજબી શંકાથી પર, નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. પરીણામે, ફરિયાદ પક્ષ આરોપી સામે આંક-૭ થી ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબ, **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯(એ)(૩)** મુજબનો આક્ષેપિત ગુનો સબળ, વિશ્વસનીય, આધારભુત અને સાતત્યસભર પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ, ઉપરોક્ત ઉપસ્થિત **મુદ્દા નં.૧** નો નિર્ણય '**નકાર**' માં ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં.૨ અને ૩** :-

**(૨૫)** આમ, મુદ્દા નં.૧ ના સંદર્ભમાં ફરિયાદ પક્ષના પુરાવાની કરેલ વિસ્તૃત ચર્ચા તથા તેના નિર્ણયને ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધનું તહોમત શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, **મુદ્દા નં.૨** નો નિર્ણય '**નકાર**' માં ઠરાવી, **મુદ્દા નં.૩** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છેઃ-

## હુ ક મ

૧. **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૫૮(૧)** અન્વયે આ કામના **આરોપી રાહીલશા ફીરોઝશા ફકીર,** ઉ.૨૦ વર્ષ, રહેવાસીઃ બાપુનગર ઝૂંપડપટ્ટી, શીતલ ચાર રસ્તા પાસે, રાંદેર, સુરત, મૂળ રહે. દોંગરીયા, તા.શીંદખેડા, જિ.ધુલીયા (મહારાષ્ટ્ર) નાને **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯(એ)(૩)** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પૂરતા અને સંતોષકારક પુરાવાના અભાવે **શંકાનો લાભ** આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** સદર ગુનાના કામે કબજે લેવામાં આવેલ મોબાઈલ ફોનનો વચગાળાનો કબજો વિ.મેજિસ્ટ્રેટશ્રીના હુકમ આધારે જે તે અરજદારને સોંપવામાં આવેલ છે, તે હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

**૩.** આ કામના આરોપી જામીન મુક્ત હોઈ, તેમણે રજૂ કરેલા જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧(૧) મુજબ, આ કામના આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેની ખાતરી આપતા છ માસના સમયગાળા માટેના ₹૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

**૫.** આ કામના આરોપીએ પોતાનું રહેઠાણનું તેમજ નોકરી/ધંધાનું સરનામું મોબાઈલ નંબરની વિગતો સાથે જાહેર કરવાનું રહેશે.

**૬.** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૦૬ અન્વયે આ હુકમની **સોફ્ટ કોપી ઈમેઈલના માધ્યમથી** જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત શહેરને મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

**નોંધઃ** નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ – મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ આ કેસમાં રજૂ થયેલા પુરાવાઓની વિગતો અલગ પરિશિષ્ટ દર્શાવી, તે પરિશિષ્ટ આ ચૂકાદો સાથે અંતમાં સામેલ રાખવામાં આવેલ છે.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૧૦મી** માહે **એપ્રિલ,** સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/-
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

સ્થળઃ સુરત
તારીખઃ ૧૦.૦૪.૨૦૨૬

DPP

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## પરિશિષ્ટ

## ફરિયાદ પક્ષે તપાસેલા શાહેદોનું લીસ્ટ

| શાહેદ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | સંદિપભાઈ શ્યામપ્યારે યાદવ | ફરિયાદી |
| ૨ | વીકી ગીરીશભાઈ સોલંકી | પંચ શાહેદ |
| ૩ | અબ્બાસ ઉસ્માન શેખ | પંચ શાહેદ |
| ૪ | દાનબહાદુર સુંદર યાદવ | નજરે જોનાર શાહેદ |
| ૫ | શનિ શિવાજી સહાની | નજરે જોનાર શાહેદ |
| ૬ | ઘનશ્યામભાઈ દાદુભાઈ ગઢવી | પી.એસ.ઓ. |
| ૭ | દિપક સુરેશભાઈ ગવાણે | પંચ શાહેદ |
| ૮ | દિપક મનોહરભાઈ દેવરે | તપાસ કરનાર અધિકારી |

સહી/-
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

સ્થળઃ સુરત
તારીખઃ ૧૦.૦૪.૨૦૨૬

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## પરિશિષ્ટ

## ફરિયાદ પક્ષે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ

| આંક | દસ્તાવેજી પુરાવાનું વર્ણન | ક્યા શાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે? શાહેદ નંબર |
|---|---|---|
| ૧૨ | ફરિયાદ | ૧ |
| ૧૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨ |
| ૨૨ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૭ |
| ૨૫ | તપાસ સંભાળવા માટેની યાદી | ૬ |

સહી/-

સ્થળઃ સુરત
તારીખઃ ૧૦.૦૪.૨૦૨૬

**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## પરિશિષ્ટ

## ફરિયાદ પક્ષે રજૂ કરેલા મટીરીયલ ઓબ્જેક્ટસ/મુદ્દામાલનું લીસ્ટ

| મુ.આ. નં. | મુદ્દામાલનું વર્ણન | ક્યા શાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે? શાહેદ નંબર |
|---|---|---|
| ૧ | મોબાઈલ ફોન | -- |

સહી/-

સ્થળઃ સુરત
તારીખઃ ૧૦.૦૪.૨૦૨૬

**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]